સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૭૭૫૫

બોગસ પંચો નીમી નીમી ન્યાયને રૂંધ્યા કરે છે,
સત્યનો ઉંદર શોધવા ડુંગર ખોદ્યા કરે છે
નોંધ્યા કરે છે ખાલી-અનીતિ-અન્યાયના કિસ્સાઓ -
બનાવટી પંચોની મુદત લાંબી વધ્યા કરે છે

હિંમત ભેર
લે નિર્ણયો મક્કમ
કેજરીવાલ

દુષ્કર્મીઓ તો
આ કાયદાના પણ -
ઉતારે વસ્ત્રો !

ચિંતન

ધનહીનો ન હીનશ્ચ ધનિકઃ સ સુનિશ્ચયઃ ।
વિદ્યારત્નેન યો હીનઃ સર્વવસ્તુષુ ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રનો આ શ્લોક છે :

ધનથી હીન મનુષ્ય દીન-હીન નથી એટલે જેની પાસે ધન નથી એ કંઇ દયાદ્ર કે હીન કક્ષાનો ગરીબ નથી, જ્યારે વિદ્યાવાન વ્યક્તિ ભલેને નિર્ધન હોય છતાં પણ એ ગરીબ ગણાતો નથી; અર્થાત વિદ્યા સંપન્ન વ્યક્તિ સંપત્તિવાન ધન-સંપન્ન જ કહેવાય છે. પરંતુ જે ભલેને લાખો-કરોડો-અબજોપતિ હોવા છતાં પણ જો વિદ્યાવાન ન હોય તો એ વાસ્તવમાં બધી જ બાબતમાં હીન અને ગરીબ જ ગણાય છે.

વિદ્યા રૂપી ધન એવું છે જેને ચોર-લૂંટારા લૂટી શકતા નથી. સમય પર યોગ્ય રીતે મદદરૂપ થઇ શકે છે. વિદ્યાથી જ કીર્તિ-સંપત્તિ પ્રાપ્ત થાય છે.

ધન ન હોય પણ વિદ્યા હોય તો કોઇ એને ગરીબ-દરિદ્ર કહી શકતું નથી. વિદ્વતા જ સાચી મુડી છે. પરંતુ ધન હોય પણ તેના ઉપયોગ વિશે જ સમજ ન હોય, અક્કલ-બુદ્ધિ ન હોય એવા ધનવાનની ગણતરી મૂર્ખમાં જ થાય છે ઉલ્ટું એ બધી રીતે ગરીબ છે.

આ સંસારમાં ધન-સંપત્તિ-સત્તા-પદનું કંઇક મહત્ત્વ નથી એ ક્ષણિક અને નાશવંત છે જ્યારે જ્ઞાન-વિદ્યા-બુદ્ધિ તો મૃત્યુ પછી પણ સંસ્કાર બની સાથે ચાલે છે.

સુવિચાર

- મૃત્યુ પીંછા કરતાં પણ હલકું છે અને મૃત્યુ પહાડ કરતાં પણ વજનદાર છે- *જાપાનીઝ કહેવત*
- અમીરી અને રઇસીમાં ફેર છે. તમે તમારી સ્થિતિમાં કેવી રીતે રહો છો તેના પરથી તમારી રઇસી નક્કી થતી હોય છે. રૂપિયા કે સંપત્તિ નહીં, રોયલનેસ સ્વભાવમાં હોય છે સુખ કે સગવડમાં નહીં *- ડૉ. ચંદ્રકાન્ત મહેતા*
- ગરમ લોઢાને ઘાટ આપનાર હથોડો અને તેનો હાથ તો ઠંડો જ હોવો જોઇએ, ગમે તેવી તકલીફમાં સ્વસ્થ રહેવું *- સરદાર પટેલ*
- જે આપી શકે છે, એ છોડી શકે છે જે છોડી શકે છે, એ બીજાને આપતા શીખવી શકે છે *- જય વસાવડા*
- પ્રશ્નો સાથીઓના મત અલગ હોવાને કારણે નથી થતાં પરંતુ સાથીઓ જ્યારે એકબીજાનો મત સમજવા નથી માંગતા અથવા પોતાનો મત થોપવા માંગે ત્યારે થાય છે *- ફૈનસૂત્ર*
- દુઃખને જીવન માટેની અનિવાર્ય શરતરૂપે સ્વીકારી તેનાથી મનોબળ મજબૂત રહે છે *- જ્ઞાનસૂત્ર*
- સાંસારીક ભોગોનું ચિંતન કરનાર ને વિષયોમાં આસક્તિ જન્મે છે આસક્તિથી તે કામના તરફ દોરાય છે, કામનામાં વિઘ્ન આવતાં ક્રોધ ઉત્પન્ન થાય છે *- ઓસ. ભટ્ટાચાર્ય*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આપણે નાની નાની 'વાતો'- પૈસા-પ્રેમ-લાગણીના હિસાબો રાખીએ છીએ પણ આપણા જીવનની પળ-ક્ષણો જેમ તેમ ખર્ચાય છે તેનો હિસાબ નથી રાખતા.

દેવગઢના રાજા પાસે તેમના તિજોરી ખાતામાં એક મહારાષ્ટ્રીય છોકરો-યુવાન 'હિસાબનીશ' હતો. દરરોજનો ખર્ચ નોંધી હિસાબ રાખે અને બચત સાથે મેળવણું કરી લે!

એક દિવસ બે પૈસાની ભૂલ આવી-આખો દિવસ યુવાન મથ્યો પણ ભૂલ મળી જ નહીં. હિસાબના ચોપડા રાત્રે ઘેર લઇ ગયો અને પરોઢે ઉઠી ફરી હિસાબ કર્યા અને વહેલી સવારે, સૂર્યોદય વખતે જ ભૂલ મળી ગઇ ખૂબ મથામણ પછી મળેલો હિસાબથી એને ખૂબ જ આનંદ થયો. અને વહેલી સવારે રાજાના દસ્તખત માટે ચોપડો લઇ ગયો.

રાજાને યુવાનની મથામણ-ટેવ-અને સ્વભાવનો પરિચય હતો એને મન ભૂલ-હિસાબ મોટી વાત ન હતી. પણ સવારમાં સહી લેવા આવ્યો એટલે રાજાએ યુવાનને કહ્યું - આ પાઇ-પૈસાના હિસાબમાં તું ચીવટ રાખી મથામણ કરે છે એનાં કરતાં જીવનની પળેપળનો હિસાબ નજર સામે રાખવાની ટેવ પાડ!

યુવાનની આંખ ઊઘડી ગઇ. તે જ વખતે ચોપડા-ચાવી રાજાના ચરણ પાસે મુકી - આધ્યાત્મ માર્ગે ચાલી નીકળ્યો.

આ યુવાનનું નામ 'સંત એકનાથ.'

Email - sureshchandrabhatt18@gmail.com

બુદ્ધિ એ અંતઃકરણની નિર્ણાયત્મક શક્તિ છે અંતઃકરણ જ્યારે તર્ક-વિતર્ક કરતું હોય, વિચારોમાં અટવાતું હોય ત્યારે મન તરીકે ઓળખાય છે

સંસ્કાર ચિંતન શિક્ષણ
- અનંત ન. વ્યાસ

શું બદામ ખાવાથી કે ઔષધિ -સેવનથી બુદ્ધિ વધે ? આજનો યુગ બૌદ્ધિકોનો યુગ છે. સમાજમાં આગળ રહેવાની શ્રેષ્ઠ-સ્થાન માટેની ગળાકાપ સ્પર્ધા ચાલે છે. દરેક માતા-પિતા પોતાનું સંતાન અવ્વલ રહે, નામના મેળવે તેવી ઇચ્છાઓ ધરાવતા હોય છે. સંતાનોમાં બુદ્ધિ વધે તે માટે તેઓ જાગૃત રહી વિશિષ્ટ પ્રયોગો પણ કરતા રહે છે. જો નબળા પડ્યા તો સમાજમાં પાછા પડી જશું. ટોપ-સ્થાન પર ન અવાય તો જીવન - હારી જશું. તેમ માનનારા સૌ વગર સમજ્યે, વગર વિચાર્યે પોતાના સંતાનોના મન ઉપર સતત બોઝો વધારતા જાય છે. અભ્યાસમાં ઓછું ધ્યાન આપનાર કેટલાક યુવાનો પણ ટૂંકા-માર્ગો શોધતા હોય છે. જે બુદ્ધિ-વર્ધક દવાના ચક્કરમાં ફસાય છે. દૂધમાં ભાત-ભાતની બ્રાન્ડેડ આઇટમો આપવાથી પણ બુદ્ધિશક્તિ ખીલશે તેવું મનાય છે. બદામ કે સુક્કા - મેવાનું પણ સેવન કરાવવામાં આવે છે. માતા-પિતા સંતાનો માટે જાતે ઘસાયને પોષક, બુદ્ધિવર્ધક દ્રવ્યો પુરા પાડવા સતત મથતા રહે છે.

સમાજના આવા અભિગમનો લાભ ધંધાદારીઓ ઉઠાવે છે. 'અમારી ચોક્કસ દવા લેવાથી તમારા બાળકોની બુદ્ધિમાં ૧૨૫% ટકા વધારો થશે.' શુદ્ધ આયુર્વેદિક ઔષધિથી બુદ્ધિ વધારો' આવી કે આ પ્રકારની જાહેરાતો મોટા પાયા પર કરવામાં આવે છે. પરીક્ષાના સમય દરમિયાન તો વર્તમાન પત્રોના પાના ભરાય તેવી જાહેરાતો આવે છે. પણ યાદ રાખવાનું કે આ માત્રને માત્ર જાહેરાતો જ હોય છે વૈજ્ઞાનિક સત્ય નહિ. આ ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન છે.

પ્રશ્ન એ કરવા જેવો છે કે શું બદામ-ખાવાથી કે કોઇ પણ ઔષધના સેવનથી બુદ્ધિ વધે ખરી ? જાહેરાતો માટે સૌ આયુર્વેદનો હવાલો આપે છે. આ ઔષધીઓના બારામાં ચરક, સુશ્રૂત, વાગ્ભર તથા માધવ, જેવા ઋષિ-વૈદોએ જે લખ્યું છે. તે જાણવાની જરૂર છે. બુદ્ધિ વર્ધક દ્રવ્યો તરીકે શંખપુષ્પી. બ્રાહ્મણી, જેઠીમધ, માલકાંગણી, તથા સફેદ દુર્વા, ના નામો છે. આ ઔષધીઓને 'મેધ્ય' કહેવાય છે. 'મેધ્ય' એટલે મેધા વધારનાર.

ઋષિ - વૈદોએ મનને પણ મહત્ત્વ આપ્યું છે. ચરક સંહિતામાં મેધા-વર્ધક અનેક યોગો આપવામાં આવ્યા છે. મેધાની સ્વસ્થતા - પ્રસન્નતા માટે આવા યોગોનું સેવન કરવું તેમ જણાવાયું છે. યજુર્વેદમાં પણ મેધા માટે ખાસ પરમાત્માની પ્રાર્થના છે. મેધાનું કાર્ય નવર્સ-સિસ્ટમ સાથે સંકલિત છે. સુશ્રૂતના મત અનુસાર શંખપુષ્પી એ મેધ્ય દ્રવ્ય છે ને રસાયણ દ્રવ્ય છે. શંખપુષ્પી બ્રાહ્મણીને મધ તથા ઘી સાથે લેવાથી શરીરનો વિકાસ થાય છે. રોગ-પ્રતિકાર શક્તિ વધે છે. અર્વાચીન ડો. વામન દેસાઇનાં મત પ્રમાણે શંખ-પુષ્પી બાલ્ય-રસાયણ છે. જે મજ્જતંતુઓને બળ-પ્રધાન કરે છે. જ્યારે બ્રાહ્મીના સેવનથી મન-સ્તાપ મનોવ્યાકુળતા શાંત થાય છે. શરીરમાં આવતી ઉત્તેજના શાંત થાય છે. બ્રાહ્મી સાત્વિક ગુણ ધરાવતી વનસ્પતિ છે. તેના સેવનથી દીર્ઘાયુ થવાય છે. બ્રાહ્મીને આયુ-વર્ધક કહી છે. બ્રહ્મ-નિષ્ઠા માટે. યોગ-સાધવા માટે મનની સાંતિની જરૂર પડે છે. બ્રાહ્મી મનને શાંતિ રાખી વિચાર-પ્રવાહને થંભાવે છે. જ્યારે માલકાગણી (માલકાંકણી પણ બોલાય છે) મેધા માટે અસરકારક છે તેવું વૈદ્ય નવીનભાઇ ઓઝાનું મંતવ્ય છે. જેઠી મધ તથા દુર્વા સહાયક દ્રવ્યો છે. જે શરીરમાં રોગ પ્રતિકાર શક્તિ વધારે છે. આમાંનું કોઇ દ્રાવ્ય બુદ્ધિ-વર્ધક છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંક નથી.

આ દ્રવ્યોને બુદ્ધિવર્ધક તરીકે ઘટવાયા તેના કારણો છે. આયુર્વેદમાં બુદ્ધિ માટે 'ઘી' તથા 'પ્રજ્ઞા' શબ્દ છે જ્યારે મેધા અને સ્મૃતિ અલગ છે. આ બધા શબ્દોને પર્યાય સમજવાને કારણે આ ગોટાળો થયો છે. ઉપરોક્ત મંતવ્યો જોતા પણ બુદ્ધિ તથા મેધા વચ્ચેનો તફાવત સ્પષ્ટ થતો નથી. આ તમામ દ્રવ્યો મેધાને ઉત્તેજિત કરનાર દ્રવ્યો છે. આ માટે મેધા સ્મૃતિ તથા બુદ્ધિ - આ ત્રણ વચ્ચેના તફાવત સ્પષ્ટ સમજવો પડે.

બુદ્ધિ એ અંતઃકરણની નિર્ણાયત્મક શક્તિ છે અંતઃકરણ જ્યારે તર્ક-વિતર્ક કરતું હોય, વિચારોમાં અટવાતું હોય ત્યારે મન તરીકે ઓળખાય છે. અંતઃકરણ સંકલ્પ-વિકલ્પ છોડી જાય. જ્યારે નિર્ણય તારવે ત્યારે તે બુદ્ધિની અવસ્થા છે. કિલષ્ટ કોયડા ઉકેલવા અટપટા પ્રશ્નનો નિવેડો લાવવો. જ્યાં કોઇ માર્ગ ન સૂઝતો હોય ત્યાં માર્ગદર્શન કરવું. એ બુદ્ધિનું કાર્ય છે. બુદ્ધિ ચોક્કસ પ્રશ્ન પર તો જ ક્રિયાશીલ બને છે. બુદ્ધિ ઇશ્વરદત્ત બક્ષિસ છે.

આપણા જીવન સમય દરમિયાન નાની મોટી ઘણી ઘટના ઘટતી હોય છે. મગજનું એક કેન્દ્ર આ ઘટનાઓની નોંધ સતત રાખે છે. ઘટનાને ધારણ કરવાની આ શક્તિને મેધ્ય છે. ગ્રંથોમાં પણ 'મેધા'ને માત્ર ધારણ કરવાની શક્તિ કહી છે. મગજ દરેક ઘટનાની નોંધ રાખતું હોય છે. તેનું ચિત્રાંકન થાય છે. પ્રાચીન ઋષિઓએમગજની આ શક્તિ માટે 'ચિત્રગુપ્ત' દેવની કલ્પના કરી. માનવીના તમામ પાપ-પુણ્ય કર્મોની નોંધ જ્યાં લેવાય છે. તે ચિત્રગુપ્તનો ચોપડો - એ જ આપણા મગજની ધારણા શક્તિ. આપણા સમયમાં જો સરખામણી કરવી હોય તો નાનકડી પેન-ડ્રાઇવમાં જેમ ઘણું સમાય છે. તેમ મગજના આ નાનકડા કેન્દ્રમાં જીવનભરની ઘટનાઓ નોંધાય છે.

આ નોંધને યોગ્ય સમયે, જરૂર પડ્યે ત્યારે પાછી સપાટી લાવવા માટે જે શક્તિ કામ કરે છે તેને સ્મૃતિ કહેવાય છે. જે પણ બુદ્ધિ-શક્તિનો વિભાગ છે. અને તેનું કેન્દ્ર પણ મગજમાં અલગ હોય છે. સ્મૃતિથી મગજમાં જે ઘટનાની નોંધ લેવાઇ હોય તેજ ઘટના યાદ આવે છે જે ઘટના ક્યારેય ઘટી નથી. જેનો સ્વાદ આપણે ક્યારેય લીધો નથી કે વ્યક્તિને કોઇ સ્વરૂપે જોઇ નથી તેની યાદ આવતી નથી. સ્મૃતિ તથા મેધાના કાર્યો આમ અલગ પડે છે. મેધા ધારણ કરે સ્મૃતિ તેને સ્મરણ પટ પર લાવે.

બુદ્ધિ ઇશ્વરદત્ત છે તેમાં ઘટાડો વધારો થઇ શકતો નથી. પશ્ચિમના વિજ્ઞાનિકોએ બુદ્ધિ માનવમનની કસોટીઓ તૈયાર કરી છે. વય- અનુસાર લેવાયેલ આ કસોટીઓએ પુરવાર કર્યું છે કે બુદ્ધિ આંક સમાન રહે છે. આ માટે ૧૦૦ નો અંક માપદંડ મનાય છે. આઇનસ્ટાઇનનો બુદ્ધિઆંક (IQ) ૧૫૦ ઉપર હતો. ૫૦ કરતાં નીચેનો આંક ધરાવનારને મંદ બુદ્ધિ ગણવામાં આવે છે. તેઓ માટે અલગ શિક્ષણ વ્યવસ્થા પણ હોય છે. કેટલીક સારી શાળામાં પણ (IQ) ના આધારે વર્ગો પાડવામાં આવે છે. સમાન બુદ્ધિ ધરાવનાર વિદ્યાર્થીઓ સમાનભાવે ગ્રહણ કરે છે. મેધા માટે જુદું વિચારી શકાય. મન કેન્દ્રિત કરવાથી જે ઘટનાઓ બનતી હોય તેનું પ્રતિબિંબ વધારે સ્પષ્ટ પડે છે. જે ઘટના આપણને અંગત રીતે સ્પર્શતી હોય તેની નોંધ મગજ તુરત લે છે. આસપાસ બનતા બનાવોની નોંધ મગજ લેતું નથી. મન સામાન્યતઃ એક સમયે એક જ કાર્ય કે પ્રવૃત્તિ કરતું હોય છે. તેથી ઘણી વખત જો અન્ય વિચારમાં અટવાયું હોય તો નજીક બનતા બનાવની નોંધ લેવાનું ચુકી જાય છે. બ્રાહ્મીના સેવનથી આ ધારણા શક્તિ વધે છે. બ્રાહ્મણી મનને શાંત રાખે છે. તેવી એકાગ્રતા સધાય છે અને જો જોયું વાંચ્યું કે પછી સાંભળ્યું હોય તે સ્પષ્ટ નોંધાઇ જાય છે.

સ્મૃતિ નોંધાયેલ ઘટનાને સપાટી પર લાવવાનું કે યાદ કરાવવાનું કાર્ય કરે છે. આ શક્તિ પ્રયત્નપૂર્વક કેળવી શકાય છે. સ્મૃતિમાં વધારો થવાનો સંભવ જ નથી કારણ તેને તો જે નોંધાયેલ છે તે જ યાદ લાવવાનું કામ છે. પણ તેને કેળવી શકાય છે એટલે કે લાંબા ગાળા પર બનેલી ઘટનાને યાદ કરી શકીએ. જેમ જેમ પ્રયત્ન કરતા જઇએ તેમ તેમ આપણી સ્મૃતિનો વિકાસ થાય છે. પ્રાકૃતિક વાતાવરણ પણ સ્મૃતિ - વિકાસમાં ભાગ ભજવે છે. મોટા ભાગના માણસોને પોતે ત્રણ વર્ષના હતા ત્યારે જે ઘટના બની હોય તે યાદ હોય છે. ટોલ્સટોયને પોતે વરસ કરતા નાના હતા ત્યારે મા ટબ બાથમાં નવડાવતી તે યાદ હતું. સ્મૃતિની ગતિ તેજ કરી શકાય છે. ઘટના સમયે કંઇ વિશિષ્ટ પ્રસંગ બન્યો હોય તો તુરંત યાદ આવે છે. કેળવાયેલ સ્મૃતિથી આશ્ચર્યજનક દેખાવો કરી શકાય છે. હમણાં જ એક જૈન મુનિએ શતાવધાનીતો પ્રયોગ સૌ સમક્ષ રજૂ કરેલો. યોગીઓનાં અગાઉનાં જન્મ વિષયક સ્મૃતિ વધારતા હોય છે.

બદામ કે મેવા મગજને જોઇતા રસાયણ દ્રવ્યો ને ક્ષારો જો પુરા પાડતા હોય, તેનાથી રક્ત-સંચારણ યોગ્ય રીતે થતું હોય તે પુરતાં મદદગાર બને છે. બ્રાહ્મી સ્મૃતિને તેજ કરવાનું સર્વોત્તમ ઔષધ મનાય છે. તેના સેવનથી વિસ્મૃતિ દુર થવાનો સંભવ છે.

ઉપરોક્ત સમીક્ષા પરથી સ્પષ્ટ થાય છે કે કોઇ ઔષધ બુદ્ધિ વધારતુ નથી. માત્ર મેધા તથા સ્મૃતિ સાથે તેનો સંબંધ જોડી શકાય. તેમાં સ્મૃતિ તો નોંધાયેલ ઘટનાને જ પટલ પર લાવનારી પ્રક્રિયા છે. હા તે કેળવી શકાય છે. તેને પ્રયત્ન પૂર્વક ખેંચી શકાય છે. જ્યારે મેધાનાં ઘટનાને ધારણ કરતી શક્તિ છે. મન એકાગ્ર હોય તો ઘટના પૂરતા પ્રમાણમાં નોંધાય ને જરૂર પડ્યે હોઠ પર આવે. આયુર્વેદિક ઔષધીઓ વિસ્મૃતિને અટકાવે. સ્મૃતિભ્રંશ ન થવા દે ને યાદદાસ્ત તંદુરસ્ત બનાવે છે તેની ગતિ તીવ્ર થાય પણ તેમાંથી કોઇનું પ્રમાણ ન વધી શકે. માતાપિતાને સમજવા જેવું છે કે તેઓનાં સ્તર કરતાં સંતાનોનું સ્તર ભાગ્યે જ આગળ જાય.

સદ્‌ગુરૂ દ્વારા મળેલું જ્ઞાન જ કર્મ અને ભક્તિનો ખરો આધાર છે

સંત નિરંકારી મિશન એક પરિચય (ભાગ-૬)
લક્ષ્મી વાઘવાણી (નિરંકારી)

(ગતાંકથી ચાલુ...)

સંત નિરંકારી ભવનો :

દેશ વિદેશમાં સંત નિરંકારી ભવનો આવેલા છે. જેમાં નિયમિત પણે સત્સંગનું આયોજન કરવામાં આવે છે. ક્યાંક અઠવાડિયામાં એક વખત, બે વખત કે ક્યાંક તો આખું અઠવાડિયું પણ સત્સંગ કરવામાં આવે છે. ગુજરાતમાં પણ અનેક સત્સંગ ભવનો છે. તમામ યાદી "સંત નિરંકારી મિશન" ની વેબસાઇટ પર જોવા મળે છે.

સંત નિરંકારી સત્સંગ ભવનો સામાજિક દૃષ્ટિએ એક સંયુક્ત મંચ બની ગયા છે. અહિંયા કોઇ પણ નાત-જાતના ભેદ વગર સૌ આવી શકે છે. જેથી કોઇ ન તો જાણી શકે છે કે નથી કોઇ જાણવાનો પ્રયત્ન કરતું કે જેથી તો ઇચ્છા રાખતું કે કોણ કઇ જાતિ કે વર્ણ સાથે સંબંધ ધરાવે છે?

નિરંકારી ભવનોમાં સામાજિક દૃષ્ટિએ શુદ્ધ માનવીય સંબંધોનો પ્રેમભાવ આદર્શરૂપ જોવા મળે છે. નશીલી વસ્તુઓનું સેવન સમાજને વિકસવા નથી દેતું. અનેક મહાપુરૂષોએ સમાજને આ ચુંગામાંથી છોડાવવા અનેક પ્રયાસો કર્યા, પરંતુ જે સફળતા નિરંકારી બાબાજીને મળી તેને એક અદ્‌ભૂત ઉપલબ્ધિ કહેવાય/સહાયનીય કહેવાય.

આજના સમાજમાં દહેજ અને આડંબરના દબાણ હેઠળ અનેક પરિવારો પાયમાલ થઇ રહ્યા છે. નારી સમાજમાં આ સમસ્યા સમાજને વધુ નિર્બળ બનાવી રહી છે. નિરંકારી બાબાજીએ સાદાઈથી લગ્નો કરવાનો આદેશ આપીને દહેજના દબાણને અને ખોટાં આડંબરને સમાપ્ત કરવા બળ પુરૂં પાડ્યું છે. તેનાથી હજારો પરિવારોને રાહત મળી છે.

- દેશમાં કોઇ પણ ભાગમાં ક્યાંક ભૂકંપથી, સુનામીથી તારાજી થઇ હોય, ક્યાંક સંત નિરંકારી મિશન રાહત કાર્યમાં સદાય અગ્રેસર રહ્યું છે. કુદરતી આફતોના સમયે સંત નિરંકારી મિશનનું સેવાદળ પૂર્ણ લગનથી, તન-મન-ધનથી સેવા કરતું જોવા મળે છે.

- સામાજિક સમાનતા સ્થાપિત કરવા માટે પ્રિતી ભોજન (લંગર) અને નિરંકારી સત્સંગ ભવનો ઉલ્લેખનીય ભૂમિકાઓ ભજવી/નિભાવી રહ્યા છે.

● વિનમ્ર નિવેદન :

જાતિય ભેદભાવથી અલગ થઇને અહિંયા ગરીબ-અમીર, ગોરા-કાળા, બ્રાહ્મણ-શુદ્ર બધા એક પરિવારમાં સભ્યોની જેમ રહે છે. જો કોઇએ સાચા અર્થમાં વિશ્વ માનવ પરિવાર જોયા હોય તો નિરંકારી મિશન તેમને આમંત્રિત કરે છે. અહિંયા નાના-મોટાંનો ભેદ પૂર્ણ રૂપે સમાપ્ત થઇ જાય છે.

- મિશનનું સામાજિક વિકાસમાં સૌથી મોટું યોગદાન એ છે કે તે ભાવનાત્મક એકતાને પીઠપળ પુરૂં પાડી રહ્યું છે. સંત સમાગમો તેમજ બીજા અવસરોએ દેશ-વિદેશથી આવેલા મહાપુરૂષો એક પરિવરના સભ્યોની જેમ સાથે ખાય-પીવે છે. જો કે તેમની ભાષા, રહેણી-કરણી અને ખાન-પાનમાં ઘણું જ અંતર હોય છે.

- સદ્‌ગુરૂ દ્વારા મળેલું જ્ઞાન જ કર્મ અને ભક્તિનો ખરો આધાર છે. અને એના વડે જ સુંદર સમાજની સ્થાપના થઇ રહી છે. આ પ્રકારે નિરંકારી મિશન એ એક એવી સંસ્થા છે કે જેમાં વ્યક્તિનો આધ્યાત્મિક, દાર્શનિક, ભૌતિક તેમજ સામાજિક વિકાસ સહજ રૂપે થાય છે.

નિઃસંદેહ આ કોઇ નવા ધર્મની સ્થાપના નથી. પરંતુ બધા સંપ્રદાયોની વ્યક્તિઓનું એકીકરણ છે આ તેના માર્ગદર્શનની જ કુશળતા અને ક્ષમતા છે. જે આ મિશનમાં આવતી પ્રત્યેક સંપ્રદાય, ભાષા અને ખાન-પાનથી સંબંધિત વ્યક્તિ એક પરિવારના સભ્યોની જેમ રહે છે. સંત નિરંકારી મિશનના અનુયાયીઓ વિનમ્ર ભાવથી પ્રવર્તમાન સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજના સાનિધ્યમાં (સંસારમાં જ રહીને) જીવન વિતાવવા માટે આપ સૌને સાદર આમંત્રિત કરે છે.

સંત નિરંકારી વાર્ષિક સંત સમાગમ જાન્યુઆરી ૨૪ થી ૨૬ મુંબઇ ખાતે આયોજિત છે. વધુ વિગતો માટે સંપર્ક કરો : જી. કે. ચુગ, મો. ૯૯૭૮૪૦૬૫૬૮, ૯૮૯૮૦૧૨૬૯૨.

હાસ્યનું સ્ત્રોત ઉદાસીમાં છે, સુખમાં નહી

હાસ્યનો કરૂણરસ અક્ષયપાત્ર
- બકુલ દવે

Laughter Comes From Sorrow, not from happiness
- Charlie Chaplin

(હાસ્ય ઉદાસીમાંથી પ્રગટે છે, સુખમાંથી નહી - ચાર્લી ચેપ્લિન)

હાસ્યનું સ્ત્રોત ઉદાસીમાં છે, સુખમાં નહીં. આ વિધાન ચાર્લી ચેપ્લિનનું. ચાર્લીએ આખી દુનિયાને હસાવી પણ એનું બાળપણ થકવી નાખે તેવા સંઘર્ષ અને ગરીબીમાં વીત્યું. એના ખેલવા-કૂદવાના દિવસો ઉપેક્ષા અને એકલતામાં પસાર થઇ ગયા. કેટલાકના જીવનમાં બાળપણ હોતું જ નથી. જવાબદારીઓ એમનું બાળપણ છીનવી લેતી હોય છે. ચાર્લી એમાંનો એક હતો.

સીધા ચઢાણવાળા કપરા દિવસો વચ્ચે ચાર્લીને ક્યારેક ખાવાના સાંસા પડ્યા. આ સંઘર્ષ - આ પીડાએ એના હૃદયને ખંગાળ્યું. પરિમાર્જિત કર્યું. એટલે જ એની ફિલ્મોમાં અને અભિનયમાં એણે જે હાસ્ય પીરસ્યું છે એમાં ઊંડાણ છે. બાળપણમાં દુઃખ વેઠ્યું એણે જ એને માટે ઊંચા ગજાના સર્જક બનવા માટેનો રસ્તો પ્રશસ્ત કર્યો.

પીડા સર્જકની, કલાકારની સહચરી છે. વિશ્વવિખ્યાત અમેરિકન સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વેએ કહ્યું છે, 'Do you want to be an artist, where are your wounds?' (તમે કલાકાર થવા ઇચ્છો છો, તો તમારા જખ્મો ક્યાં છે?)

મૃત્યુની જેમ માણસના જીવનમાં દુઃખ ન હોય તો એનું જીવન અર્થહીન થઇ ગયું હોત. મૃત્યુ માણસને જીવતા શીખવે છે, એ જ રીતે જેણે સંઘર્ષ અને પીડાનો અનુભવ કર્યો નથી એ હસી ન શકે એ હસાવી પણ ન શકે. ખલીલ જિબ્રાનના શબ્દો છે : "Your joy is sorrow inmasked." (The prophet.) અર્થાત્ "હર્ષ એટલે વેશ ઉતારી નાખેલો શોક" હર્ષ અને શોક વચ્ચે એક પાતળો પરદો હોય છે, જેની આસપાસ એ બંને પરસ્પરને જોયા કરતા હોય છે. જે શોકને સમજી શકે છે તે જ હર્ષને પણ પૂર્ણ પામી શકે છે. રડતાં આવડે એને જ હસવાનું પણ આવડે. કોઇ વ્યક્તિ કઇ બાબતમાં કેવી રીતે હસી શકે છે અથવા તો રડી શકે છે તે પરથી એ કેટલો જીવંત છે તેનું માપ નીકળી શકે. એ પરથી એની માણસાઇની કુંડળી બનાવી શકાય. પ્રકૃતિએ હસવાનું વરદાન એક જ પ્રાણીને આપ્યું છે તે છે મનુષ્ય. પણ આપણે એ વરદાનનું મૂલ્ય સમજી શક્યા નથી. ટી.વી. ચેનલો દ્વારા રજૂ થતા હાસ્યના સ્થૂળ કાર્યક્રમો અને કોઇની ઠેકડી ઉડાવવામાં આપણે હાસ્ય શોધીએ છીએ. અશ્લીલ મજાકો અને હરકતોમાંથી આનંદ મેળવવા ફાફાં મારીએ છીએ. આ કેવી વિડંબના? આવું હાસ્ય તો અમાનવીયતા તરફ દોરી જાય છે. ખરેખર, વરદાન ને શાપ બનાવવાનું કામ માણસ જ કરી શકે.

રાજકપૂરની ફિલ્મ "શ્રી ૪૨૦" માં (રાજકપૂર) મુંબઇ નોકરી શોધવા આવ્યો છે. બજારમાં એ ઊભો હોય છે ત્યારે એક માણસનો પગ કેળાની છાલ ઉપર પડે છે ને એ લપસી પડે છે. ત્યાં ઊભેલાં સૌ હસે છે. રાજુને થાય છે કે એ પહેલા માણસને ઊભો કરે પણ એ તેમ કરી શકતો નથી. એ ટોળાની જુદા પડવાનો ભય લાગે છે. એ પણ બધા સાથે હસવા લાગે છે. પછી રાજુનો પગ એ જ કેળાની છાલ પર પડે છે. ફરી સૌ હસે છે. રાજુને થાય છે; હમણાં કોઇ એને ઊભો કરશે, પણ કોઇ હાથ લંબાવતું નથી. તે સમયે એક વૃદ્ધ રાજુને કહે છે "યહ બમ્બઇ હૈ, મેરે ભાઇ. યહાં જો ગિરતા હૈ ઉસ પર સબ હસંતે હૈ. ઉસકો કોઇ નહીં ઉઠાતા. ઉસે ખુદ ઉઠના પડતા હૈ." ઉદાસીની છાંટવાળી આવી ફિલ્મો, દર્દીલાં ગીતો, હૃદય સુધી સોંસરી ઉતરી જતી કવિતાની પંક્તિઓને માણવાનો નશો હોય છે. એમાં કસક હોય છે, એક ટીસ જાગે છે, જે સૂક્ષ્મ આનંદ આપે છે. આને આપણે કરૂણરસ કહીએ છીએ.